તહેવારો પૂર્વે વડોદરા પોલીસ એક્શન મોડમાં

# ઝોન-3 વિસ્તારમાં રાત્રિ દરમિયાન મેગા કોમ્બિંગથી ભારે અફરાતફરી

**૧૨૫ વાહનો,** ૩૮ હિસ્ટ્રીશીટર અને ૭ તડીપારોનું કડકાઈથી ચેકિંગ



(પ્રતિનિધિ) વડોદરા તા.6
શહેરમાં શાંતિ, સુરક્ષા અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે વડોદરા શહેર પોલીસ સંપૂર્ણપણે સજ્જ થઈ ગઈ છે. પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમારના સ્પષ્ટ આદેશ બાદ ઝોન-3મા પોલીસ કાફલો અચાનક રસ્તા પર ઉતરી આવ્યો હતો અને વાડી, મકરપુરા તેમજ માંજલપુરના સંવેદનશીલ વિસ્તારોને ઘેરીને મેગા કોમ્બિંગ ઓપરેશન હાથ ધર્યું હતું. રાત્રિના સમયે યોજાયેલી આ સરપ્રાઈઝ કાર્યવાહીથી અસામાજિક તત્વો અને નિયમભંગ કરનારાઓમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. પોલીસ ટીમોએ મોગલવાડા, રાણાવાસ, ખાનગાહ મહોલ્લા, ઈદગાહ મેદાન, મકરપુરા ગામ, દંતેશ્વર વામ્બે વુડા, ઘાઘરેટીયા, કોતર તલાવડી અને માંજલપુર ગામ જેવા ગીચ તથા સંવેદનશીલ વિસ્તારો ખૂંદી વળીને સઘન ફૂટ પેટ્રોલિંગ કર્યું હતું.

કોમ્બિંગ ઓપરેશન દરમિયાન પોલીસે કાયદાનો કોરડો વીંઝ્યો હતો, જાહેરનામા ભંગ ૯ કેસ, પ્રોહિબિશન ૯ કેસ, પીધેલી હાલતમાં ડ્રાઈવિંગ ૪ કેસ, GP Act હેઠળ કાર્યવાહીઃ ૭ કેસ, ડિટેઈન કરાયેલા વાહનો ૩ વાહનો અને ઈ-ચલણ ૪ વાહનચાલકોને ફટકારાયા હતા. ૧૨૫ વાહનો અને ૨૮ શંકાસ્પદ વ્યક્તિઓની આકરી પૂછપરછ. ૩૮ હિસ્ટ્રીશીટર/MCR, ૭ ટપો રીઓ, ૨ ગુજસીટોકના આરોપીઓ અને ૭ તડીપાર ઈસમોનું સ્થળ પર ચેકિંગ, ૫ અ વાવરૂ જગ્યાઓ, ૭ હોટલ-ધાબા, ૭ આંગડિયા પેઢીઓ, ૭ રેલવે સ્ટેશન/પડાવ અને ૯ ATM ની રૂબરૂ તપાસ,૧૦ સમન્સ, ૯ વોરંટ અને ૨ નોટિસ ની સફળ બજવણી કરી હતી.

મુસાફર સુવિધાઓ વધારવા પર ભાર

# મંડલ રેલ ઉપભોક્તા સલાહકાર સમિતિની બેઠકનું આયોજન કરાયું



(પ્રતિનિધિ) વડોદરા, તા.6
પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના પ્રતાપનગર સ્થિત મંડલ રેલ કાર્યાલયમાં મંડલ રેલ ઉપભોક્તા સલાહકાર સમિતિની બેઠક સફળતાપૂર્વક યોજાઈ હતી. સમિતિના અધ્યક્ષ અને મંડલ રેલ પ્રબંધક રાજુ ભડકે એ મંડળની મુખ્ય ઉપલબ્ધિઓ અને મુસાફરોને પૂરી પાડવામાં આવતી સુવિધાઓ અંગે સભ્યોને વિગતવાર માહિતી આપી હતી. બેઠક દરમિયાન સમિતિના સભ્યોએ પોતાના-પોતાના વિસ્તારો સાથે સંકળાયેલી રેલ સમસ્યાઓ, નવી ટ્રેનોના સંચાલન, ટ્રેનોના સ્ટોપેજમાં વધારો, ટ્રેનોના વિસ્તરણ, ડબલ ટ્રેક સહિતની વિવિધ રેલ પરિયોજનાઓને ઝડપથી પૂર્ણ કરવા અને મંડળના સ્ટેશનો પર વધુ સારી મુસાફર સુવિધાઓ પૂરી પાડવા અંગેના મૂલ્યવાન સૂચનો રજૂ કર્યા હતા. આ પ્રસંગે સમિતિના માનનીય સભ્યોમાં નિપમ રજનીકાંત દેસાઈ, ભરત આર. ગુપ્તા, નીલેશકુમાર પટેલ, દિલીપ વી. કોઠારી, વંદનકુમાર બી. પંડ્યા, ઓમકારનાથ તિવારી, એમ. હબીબ લોખંડવાલા, ઈન્દ્રવદન એસ. જોશી, વ્યાસ મિત્તલભાઈ કૌશિકભાઈ, અતુલકુમાર એમ. બ્રહ્મભટ્ટ, રાકેશચંદ્ર વી. વ્યાસ અને અનિલકુમાર શર્મા ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન વડોદરા મંડળના અપર મંડલ રેલ પ્રબંધક નીરજ ધમીજા સહિત વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.

વસ્ત્રસ્મૃતિ - વણાટની યાદો, વારસાનો ઉત્સવ થીમ સાથે વિદ્યાર્થીઓ-નાગરિકો માટે વિવિધ કાર્યક્રમો

# એમએસયુમાં બે દિવસીય રાષ્ટ્રીય હસ્તકલા દિવસની ભવ્ય ઉજવણી

**ક્વિઝ, પ્રદર્શન,** ડોક્યુમેન્ટરી અને વર્કશોપ દ્વારા હસ્તકલાના મહત્વ અંગે જાગૃતિ ફેલાવવાનો હેતુ

(પ્રતિનિધિ) વડોદરા, તા.6
ભારતની સમૃદ્ધ હસ્તકલા પરંપરાઓને સન્માન આપવા અને તેના સંરક્ષણ માટે જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ સાથે મહારાજા સયાજીરાવ યુનિવર્સીટીના પરિવાર અને સમુદાય વિજ્ઞાન ફેકલ્ટીના વસ્ત્ર અને વસ્ત્રાલંકાર વિભાગ દ્વારા 12મા રાષ્ટ્રીય હસ્તકલા દિવસની બે દિવસીય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. એમ.એસ.યુનિવર્સીટીમાં તા. 7 અને 8 ઓગસ્ટના રોજ વસ્ત્રસ્મૃતિ - વણાટની યાદો, વારસાનો ઉત્સવ થીમ હેઠળ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. વિભાગ દ્વારા હસ્તકલા પ્રત્યે રસ કેળવાય અને યુવા પેઢી ભારતના વસ્ત્ર વારસા સાથે જોડાય તે હેતુથી અનેક કાર્યક્રમો ગોઠવવામાં આવ્યા છે. કાર્યક્રમની શરૂઆત વસ્ત્ર વારસા ક્વિઝથી થશે. જેમાં વિદ્યાર્થીઓ ભારતના વિવિધ રાજ્યોની વણાટ કળા, પરંપરાગત વસ્ત્રો અને હસ્તકલા વિશેની પોતાની જાણકારી ચકાસી શકશે. ત્યારબાદ હસ્તકલા ઉત્પાદનોનું પ્રદર્શન યોજાશે. આ પ્રદર્શનમાં ગુજરાત સહિત દેશના વિવિધ ભાગોમાંથી આવેલા હાથવણાટના કાપડ, પરંપરાગત વસ્ત્રો અને હસ્તકલાની વસ્તુઓ પ્રદર્શિત કરવામાં આવશે. કાર્યક્રમ દરમિયાન હસ્તકલા કારીગરોની મહેનત અને તેમની જીવનયાત્રાને દર્શાવતી ડોક્યુમેન્ટરીનું સ્ક્રીનિંગ પણ કરવામાં આવશે. જેના દ્વારા મુલાકાતીઓ હસ્તકલા પાછળની વાસ્તવિક વાર્તાઓથી પરિચિત થશે. સૌથી મહત્વનો ભાગ હેન્ડ્સ-ઓન વર્કશોપ રહેશે.

આ વર્કશોપમાં નિષ્ણાતો દ્વારા વણાટ અને વસ્ત્ર તકનીકો અંગે પ્રત્યક્ષ તાલીમ આપવામાં આવશે. જેમાં સહભાગીઓ જાતે પ્રયોગ કરીને હસ્તકલા શીખી શકશે. વસ્ત્ર અને વસ્ત્રાલંકાર વિભાગના વડાએ જણાવ્યું કે, છેલ્લા ઘણા વર્ષોથી વિભાગ શિક્ષણ, પ્રદર્શન અને સામુદાયિક કાર્યો દ્વારા ભારતના વસ્ત્ર વારસાના સંરક્ષણ અને પ્રોત્સાહન માટે સતત કાર્યરત છે. રાષ્ટ્રીય હસ્તકલા દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ ટકાઉ ફેશનને પ્રોત્સાહન આપવા અને હસ્તકલા સાથે જોડાયેલા કારીગરોને સન્માન આપવાનો છે.

RTO સેવાઓ બંધ? પહેલા બાકી ટ્રાફિક દંડ ભરો

# સંકલિત ડિજિટલ સિસ્ટમ લાગુ, બાકી ચલણ હશે તો અરજી મંજૂર નહીં થાય

( પ્રતિનિધિ ) વડોદરા,તા.6
જે વાહનચાલકોના નામે ટ્રાફિકના બાકી ઈ-ચલણ છે તેમને હવે આરટીઓની વિવિધ સેવાઓનો લાભ મળશે નહીં. સત્તાવાળાઓએ સંકલિત ડિજિટલ સિસ્ટમ દ્વારા અમલને કડક બનાવ્યો છે. આ નવી સિસ્ટમમાં માલિકી ટ્રાન્સફર, આરસીમાં સરનામું બદલવું, હાયપોથિકેશન બંધ કરવું, ડુપ્લિકેટ આરસી કઢાવવી સહિતની તમામ સેવાઓનો સમાવેશ થાય છે. અરજી મંજૂર કરતા પહેલા અધિકારી અરજદારના નામે નોંધાયેલા તમામ વાહનોના બાકી ચલણ ચેક કરશે. જો બાકી દંડ હશે તો અરજી પરત કરીને પહેલા દંડ ભરવાની સૂચના આપવામાં આવશે. ગુજરાતમાં લગભગ 50% વાહન સંબંધિત અરજીઓ બાકી દંડના કારણે અટકી પડી છે. જો કે અમદાવાદમાં આંકડો 35% ની આસપાસ છે. તેનું કારણ એજન્ટો દ્વારા અરજી પહેલા જ બાકી ચલણ ભરાવી દેવાનું હોવાનું માનવામાં આવે છે. ગુજરાતમાં લગભગ 1.80 કરોડ ટ્રાફિક ચલણ જારી કરવામાં આવ્યા છે. જેમાંથી 1 જાન્યુઆરી થી 31 જુલાઈ 2026 દરમિયાન એકલા 50.6 લાખ ઈ-ચલણ જારી થયા છે. પરંતુ દેશભરમાં મે મહિનામાં જારી થયેલા 88.2 લાખ ચલણમાંથી 75.21 લાખ એટલે કે 85% ચલણ હજુ પણ બાકી છે. અધિકારીઓએ કહ્યું કે, એકવાર આરટીઓ સેવા માટે અરજી કરો ત્યારે જ લોકોને બાકી ચલણની જાણ થાય છે. બાકી ચલણ હોવાનું ખબર પડતા જ લોકો તે ભરી દે છે જેથી તેમની અરજી આગળ વધી શકે એમ આરટીઓ અધિકારીએ જણાવ્યું. હાલમાં આ સિસ્ટમને વધુ મજબૂત બનાવવામાં આવી રહી છે. પ્રક્રિયા સંપૂર્ણ રીતે લાગુ થયા બાદ બાકી ચલણ ધરાવતા કોઈપણ વાહનની આરટીઓ અરજી આપોઆપ બ્લોક થઈ જશે.

# વારસિયામાં મોડીરાત્રે ઘરો પર પથ્થરમારો, ત્રણ ઈજાગ્રસ્ત

વડોદરા : વડોદરાની વારસિયાની વાસવાણી કોલોનીમાં રહેતી પ્રિતિ શંકરલાલ બેલાણી પોતાની પુત્રી સાથે રહે છે અને કેટરિંગનું કામ કરીને ગુજરાન ચલાવે છે. તા. 5 ઓગસ્ટની રાત્રે આશરે 10:15 વાગ્યે તે ઘરે હાજર હતી ત્યારે વિશાલ અશોક લાલવાણી પોતાના ત્રણ અજાણ્યા સાથીદારો સાથે મહોલ્લામાં આવ્યો હતો. આરોપીઓએ ઘરની બહાર પાર્ક કરેલી એક્ટિવાને નીચે પાડી પથ્થર મારી નુકસાન પહોંચાડ્યું હતું. ઘટનાની જાણ સીસીટીવી ફૂટેજના આધારે થતાં ફરિયાદી બહાર દોડી આવી હતી, પરંતુ ત્યાં સુધીમાં આરોપીઓ ફરાર થઈ ગયા હતા. દરમિયાન પાડોશી જસવંત રતીરામ અહેરવારે ફરિયાદીને જણાવ્યું હતું કે આરોપીઓએ રસ્તામાં તેમનો ટેમ્પો રોકી ગાળો આપી ઝપાઝપી કરી હતી. તેઓ પોતાને બચાવવા ઘરે દોડી ગયા બાદ આરોપીઓએ તેમના ઘર પર પથ્થરમારો શરૂ કર્યો હતો.

વડોદરામાં ૧૦ કરોડ નશામુક્ત પ્રતિજ્ઞા મહા અભિયાનનો શુભારંભ :

# આજના બાળકો જ આવતીકાલના નાગરિકો : મેયર ગીતાબેન મકવાણા




( પ્રતિનિધિ ) વડોદરા,તા.6
વડોદરામાં નશામુક્ત ભારત અભિયાન અંતર્ગત પ્રજાપિતા બ્રહ્મકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, અલકાપુરી સબઝોન સેવા કેન્દ્ર દ્વારા 10 કરોડ નશામુક્ત પ્રતિજ્ઞા મહા અભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો હતો. વડોદરા મહાનગરપાલિકાના મેયર ગીતાબેન મકવાણા, બ્રહ્મકુમારીઝ અલકાપુરી સબઝોનનાં વડા બી.કે. ડો. નિરંજના દીદી તથા અન્ય મહાનુભાવોના હસ્તે દીપ પ્રજ્વલન કરીને કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. મેયર ગીતાબેન મકવાણાએ વિદ્યાર્થીઓને સંબોધતા કહ્યું કે, આજના બાળકો જ આવતીકાલના નાગરિકો છે. ભવિષ્યમાં દેશની બાગડોર તમારા હાથમાં આવવાની છે. ભારતના વિકાસમાં યુવાનોનો ખૂબ મોટો ફાળો છે. વ્યસનથી તમારી આંતરિક શક્તિઓને નષ્ટ ન કરો. તમારી શક્તિ અને પ્રતિભાનો ઉપયોગ દેશની પ્રગતિ માટે કરો. આજે લીધેલી નશામુક્તિની પ્રતિજ્ઞાને જીવનભર જાળવી રાખજો. બી.કે. ડો. નિરંજના દીદીએ જણાવ્યું કે ગુટખા, તમાકુ, સિગારેટ, દારૂ અને ડ્રગ્સ જેવા વ્યસનો વ્યક્તિના સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડવાની સાથે કેન્સર જેવી ગંભીર બીમારીઓનું કારણ બને છે. વ્યસનથી વ્યક્તિગત અને પારિવારિક આર્થિક સંકટ, ઝગડા અને વિવાદો વધે છે, જેના કારણે અનેક પરિવારો તૂટે છે. કાર્યક્રમમાં ઉન્નતિ વિદ્યાલય અને વિકલ વિદ્યાલયના વિદ્યાર્થીઓ, શિક્ષકો, સમાજ સુરક્ષા વિભાગના મહેશભાઈ રાઠોડ, લાયન્સ ક્લબ નંદેસરીના પ્રમુખ મનીષાબેન શાહ, બ્રહ્મકુમાર નરેન્દ્રભાઈ અને બ્રહ્મકુમારી ભાવનાબેન સહિત અનેક લોકો ઉપસ્થિત રહ્યા હતા.

વડોદરામાં ટુર્નામેન્ટની યજમાની કરશે

# સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનું ભવ્ય આયોજન

( પ્રતિનિધિ ) વડોદરા,તા.6
ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિએશન (GSTTA)ના માર્ગદર્શન હેઠળ ટેબલ ટેનિસ એસોસિએશન ઑફ બરોડા (TTAB) દ્વારા તા. 11થી 14 ઓગસ્ટ, 2026 દરમિયાન સમા ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ (VMSS), વડોદરા ખાતે UTT ટાઈટલ સ્પોન્સર્ડ 4મી ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ-2026નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આધુનિક સુવિધાઓથી સજ્જ સમા ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં યોજાનારી આ ટુર્નામેન્ટ માટે ટીટીએબી દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. રાષ્ટ્રીય કક્ષાના આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં આંતરરાષ્ટ્રીય ધોરણનું સ્પોર્ટ્સ ફ્લોરિંગ, પ્રોફેશનલ લાઈટિંગ, સંપૂર્ણ એર-કન્ડિશન્ડ રમતગમત હોલ તેમજ વિશ્વસ્તરીય ટેબલ ટેનિસ ટેબલ્સ જેવી શ્રેષ્ઠ સુવિધાઓ ઉપલબ્ધ છે, જેના કારણે ખેલાડીઓને ઉચ્ચ કક્ષાનો સ્પર્ધાત્મક અનુભવ મળશે. ગુજરાતના મધ્યસ્થ સ્થાને આવેલું વડોદરા શહેર ટેબલ ટેનિસ સ્પર્ધાઓ માટે હંમેશાં ખેલાડીઓની પ્રથમ પસંદગી રહ્યું છે. અગાઉ યોજાયેલી સફળ ટુર્નામેન્ટોના અનુભવને આધારે આ વર્ષે રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી આશરે 800 જેટલા અગ્રણી ખેલાડીઓ ભાગ લેશે તેવી અપેક્ષા છે. ખેલાડીઓ કિંમતી ગુજરાત સ્ટેટ રેન્કિંગ પોઈન્ટ્સ મેળવવા માટે જોરદાર હરીફાઈ કરશે. ટુર્નામેન્ટમાં કુલ 16 સ્પર્ધાત્મક ઈવેન્ટ્સ યોજાશે. જેમાં હોપ્સ અંડર-7, હોપ્સ અંડર-9, હોપ્સ અંડર-11, કેડેટ અંડર-13, સબ-જૂનિયર અંડર-15, જૂનિયર અંડર-17, જૂનિયર અંડર-19 (બોયઝ અને ગર્લ્સ) સિંગલ્સ ઉપરાંત મેન અને વુમન સિંગલ્સનો સમાવેશ થાય છે. ટુર્નામેન્ટમાં કુલ *2,84,200/-*ની રોકડ ઈનામી રકમ જાહેર કરવામાં આવી છે. વિજેતા તથા રનર્સ-અપ ખેલાડીઓને રોકડ ઈનામો ઉપરાંત ટ્રોફી, મેડલ અને મેરિટ સર્ટિફિકેટ એનાયત કરવામાં આવશે.

બે દિવસીય કાર્યક્રમમાં 250થી વધુ MSME એકમો જોડાયા

# વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામથી MSMEને રૂા.૧૦થી ૧૫ કરોડના વ્યાપારી અવસરો



( પ્રતિનિધિ ) વડોદરા,તા.6
MSME-DFO અમદાવાદ (MSME મંત્રાલય, ભારત સરકાર) અને IOCL ગુજરાત રિફાઈનરી, વડોદરાના સંયુક્ત ઉપક્રમે તથા વડોદરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (VCCI)ના સહયોગથી સ્પંદન હોલ, IOCL ગુજરાત રિફાઈનરી ટાઉનશીપ ખાતે તા. 6 અને 7 ઓગસ્ટ દરમિયાન બે દિવસીય વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામ (VDP) યોજાયો હતો. કાર્યક્રમમાં ગુજરાત તેમજ પાડોશી રાજ્યોમાંથી 250થી વધુ MSME એકમોએ ભાગ લીધો હતો. વિવિધ કેન્દ્રીય જાહેર ક્ષેત્રની સંસ્થાઓ (CPSUs) સાથે યોજાયેલા બિઝનેસ-ટુ-બિઝનેસ સંવાદના પરિણામે અંદાજે 10થી 15 કરોડના વ્યાપારી અવસરો સર્જાયા હોવાનું આયોજકોએ જણાવ્યું હતું. કાર્યક્રમનું ઉદ્ઘાટન IOCL ગુજરાત રિફાઈનરીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને રિફાઈનરી હેડ બિપ્લબ બિસ્વાસના હસ્તે થયું હતું. કાર્યક્રમમાં IOCL, MSME-DFO, DICCI ગુજરાત, VCCI, FSSI અને લઘુ ઉદ્યોગ ભારતીના આગેવાનોએ ઉદ્યોગ વિકાસ અને સરકારી ખરીદી નીતિ અંગે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમ દરમિયાન 20 સ્ટોલ સાથે વેન્ડર પ્રદર્શન યોજાયું હતું, જેમાં CPSUs, બેંકો અને MSME એકમોએ પોતાના ઉત્પાદનો અને સેવાઓનું પ્રદર્શન કર્યું હતું. ઉપરાંત IOCL, ONGC, NTPC, GAIL, POWERGRID, GeM, SIDBI, બેંક ઓફ બરોડા સહિતની સંસ્થાઓના નિષ્ણાતોએ 20થી વધુ ટેકનિકલ સત્રોમાં જાહેર ખરીદી, વેન્ડર નોંધણી, નિકાસ, GeM રજિસ્ટ્રેશન, MSME લોન, TReDS અને IPR જેવા વિષયો પર માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમ MSME એકમો અને સરકારી સંસ્થાઓ વચ્ચે વ્યાપારી જોડાણ મજબૂત કરી નવા વ્યવસાયિક અવસરો ઊભા કરવામાં અસરકારક સાબિત થયો હોવાનું આયોજકોએ જણાવ્યું હતું.

લોકોને સમયસર તપાસ કરાવી લેવા સલાહ

# એઓર્ટિક એન્યુરિઝમ સહિત વાસ્ક્યુલર રોગો અંગે જનજાગૃતિ અભિયાન




( પ્રતિનિધિ ) વડોદરા,તા.6
નેશનલ વાસ્ક્યુલર ડે નિમિત્તે જેતલપુર રોડ સ્થિત આદિક્યુરા સુપરસ્પેશિયાલિટી હોસ્પિટલ દ્વારા એઓર્ટિક એન્યુરિઝમ સહિત વાસ્ક્યુલર રોગો અંગે જનજાગૃતિ અભિયાન હાથ ધરાયું. હોસ્પિટલે એઓર્ટિક એન્યુરિઝમ માટે વન-યર સેકન્ડ ઓપિનિયન ક્લિનિક શરૂ કરવાની પણ જાહેરાત કરી, જેથી દર્દીઓને નિષ્ણાતોની સલાહ સાથે યોગ્ય સારવારનો નિર્ણય લેવામાં મદદ મળી રહે. હોસ્પિટલની વાસ્ક્યુલર સર્જરી ટીમના ડૉ. વિજય ઠાકોર, ડૉ. સુમિત કાપડિયા, ડૉ. હિતેન પટેલ, ડૉ. કુશન નાણાવટી અને ડૉ. પાર્થ જોશીએ જણાવ્યું કે એઓર્ટિક એન્યુરિઝમ એ શરીરની સૌથી મોટી ધમની એઓર્ટામાં થતું જોખમી ફૂલાવું છે, જે મોટા ભાગે કોઈ લક્ષણો વગર વિકસે છે અને સમયસર નિદાન ન થાય તો જીવલેણ બની શકે છે. તેમણે જણાવ્યું કે હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, હાઈ કોલેસ્ટ્રોલ, ધૂમ્રપાન, વધતી ઉંમર તથા વાસ્ક્યુલર રોગોના પારિવારિક ઈતિહાસ ધરાવતા લોકોમાં તેનું જોખમ વધુ રહે છે. કાર્યક્રમમાં પેરિફેરલ આર્ટેરિયલ ડિસિઝ, ડાયાબિટિક ફૂટ, લિમ્બ સાલ્વેજ, વેરિકોઝ વેન્સ, સ્ટ્રોક નિવારણ, પ્રારંભિક તપાસ, જોખમ નિયંત્રણ અને આધુનિક વાસ્ક્યુલર તથા એન્ડોવાસ્ક્યુલર સારવાર અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું. તબીબોએ લોકોને સમયસર તપાસ અને વાસ્ક્યુલર નિષ્ણાતની સલાહ લેવા અપીલ કરી.

એડવોકેટ હિતેષ ઈંટવાલાની આગેવાનીમાં કાયદા મંત્રીને રજૂઆત, જગ્યા ભરવાની માંગ

# ગુજરાતમાં ગ્રાહક ફોરમના અધ્યક્ષની જગ્યા ખાલી, પક્ષકારો મુશ્કેલીમાં મૂકાયા



(પ્રતિનિધિ) વડોદરા, તા. 6
ગુજરાતના વડોદરા સહિત અનેક જિલ્લાઓમાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમના અધ્યક્ષની જગ્યા છેલ્લા ઘણા સમયથી ખાલી હોવાના કારણે સામાન્ય પક્ષકારો અને જાગૃત નાગરિકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ બાબતે ગુજરાત સરકારમાં તાત્કાલિક રજૂઆત કરવા માટે વડોદરા વકીલ મંડળના પ્રતિનિધિમંડળે આગેવાની લીધી હતી. વડોદરા વકીલ મંડળના મેનેજિંગ કમિટી મેમ્બર એડવોકેટ હિતેષ ઈટવાલા અને એડવોકેટ આઈ. યુ. જમાદારની આગેવાની હેઠળનું પ્રતિનિધિમંડળ ગાંધીનગર ખાતે કાયદા મંત્રી કૌશિક કે. વેકરીયા અને કાયદા સચિવ ઉપેન્દ્ર ભટ્ટને રૂબરૂ મળ્યું હતું. આ દરમિયાન ગ્રાહક ફોરમમાં ખાલી પડેલી અધ્યક્ષ અને સભ્યની જગ્યાઓ વહેલી તકે ભરવા અંગેનું લેખિત આવેદન આપવામાં આવ્યું હતું. એડવોકેટ હિતેષ ઈંટવાલાએ જણાવ્યું કે, લાંબા સમયથી ખાલી જગ્યાના કારણે ગ્રાહકોના કેસોનો નિકાલ થઈ શકતો નથી. જેના કારણે સામાન્ય માણસને ન્યાય મેળવવામાં વિલંબ થઈ રહ્યો છે. આ મુદ્દો ખૂબ ગંભીર છે અને તાત્કાલિક ધોરણે ઉકેલ લાવવો જરૂરી છે.

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી હાલ વિદેશના પ્રવાસે હોવાથી તેમને રજૂઆત બાકી રહી છે. એડવોકેટ ઈંટવાલાએ જણાવ્યું કે નાયબ મુખ્યમંત્રી ગુજરાત પરત ફરે એટલે તાત્કાલિક તેમને પણ આ બાબતે રજૂઆત કરવામાં આવશે. આ મુલાકાત દરમિયાન પ્રતિનિધિમંડળે રાજ્યના શિક્ષણ મંત્રી રીવાબા રવિન્દ્ર જાડેજા સાથે પણ સૌજન્ય મુલાકાત કરી હતી.

એડવોકેટ હિતેષ ઈંટવાલાએ અંતમાં જણાવ્યું કે, ગુજરાતના વકીલ હિતના કોઈપણ પ્રશ્નો હોય તો વકીલો મને જાણ કરી શકે છે. અમે હંમેશા વકીલો અને નાગરિકોના હિત માટે કાર્યરત છીએ.

યુનિવર્સિટીએ અભિનંદન પાઠવ્યા

# MSUના ડો. સુનીલ કહારની AMPP ગુજરાત ચેપ્ટરના ચેરમેન નિમણૂક



( પ્રતિનિધિ ) વડોદરા તા.6
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાના ટેકનોલોજી એન્ડ એન્જિનિયરિંગ ફેકલ્ટીના મેટલર્જિકલ એન્ડ મટીરિયલ્સ એન્જિનિયરિંગ વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. સુનીલ ડી. કહારની AMPP ગુજરાત ચેપ્ટરના ચેરમેન તરીકે 2026-2028 ના કાર્યકાળ માટે ફરીથી નિમણૂક કરવામાં આવી છે. યુનિવર્સિટીએ આ બદલ તેમને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

યુનિવર્સિટીના જણાવ્યા મુજબ, કાટ અને મટીરિયલ્સ એન્જિનિયરિંગના ક્ષેત્રમાં ડો. કહારનું ઉત્કૃષ્ટ નેતૃત્વ, વ્યાવસાયિક સમર્પણ અને મૂલ્યવાન યોગદાન આ માન્યતાનું કારણ બન્યું છે. યુનિવર્સિટીને વિશ્વાસ છે કે, તેમના માર્ગદર્શન હેઠળ ચેપ્ટર ટેકનિકલ ઉત્કૃષ્ટતાને પ્રોત્સાહન આપશે અને શિક્ષણ જગત, ઉદ્યોગ અને કાટ નિષ્ણાતો વચ્ચે સહયોગને વધુ મજબૂત બનાવશે. યુનિવર્સિટીએ તેમના સફળ અને પ્રભાવશાળી કાર્યકાળ માટે શુભેચ્છાઓ પાઠવતા વધુ સિદ્ધિઓ અને સીમાચિહ્નો હાંસલ થાય તેવી શુભકામનાઓ વ્યક્ત કરી છે.

બાળ અધિકારો પર ઉત્કૃષ્ટ સંશોધન બદલ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના હસ્તે એવોર્ડ અર્પણ

# એમ.એસ. યુનિ.ના ડો. રૂચા દેસાઈ બેસ્ટ ચાઈલ્ડ-સેન્ટ્રિક રિસર્ચ એવોર્ડથી સન્માનિત




( પ્રતિનિધિ ) વડોદરા,તા.6
વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાના શિક્ષણ અને મનોવિજ્ઞાન ફેકલ્ટીના શિક્ષણ વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. રૂચા દેસાઈને બાળ-કેન્દ્રિત સંશોધનમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ પ્રતિષ્ઠિત બેસ્ટ ચાઈલ્ડ-સેન્ટ્રિક રિસર્ચ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. આ એવોર્ડ ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના 17મા સ્થાપના દિવસ અને 6 ઠ્ઠા પદવીદાન સમારોહ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના હસ્તે અર્પણ કરવામાં આવ્યો હતો. ડો. દેસાઈને આ સન્માન ખાસ કરીને બાળ અધિકારોના ક્ષેત્રમાં સોશિયલ સાયન્સ સંશોધન માટે મળ્યું છે. છેલ્લા ઘણા વર્ષોથી તેઓ બાળ અધિકારો અંગે જાગૃતિ ફેલાવવા અને સંયુક્ત રાષ્ટ્રના બાળ અધિકાર સંમેલનને અનુરૂપ શૈક્ષણિક કાર્યક્રમો વિકસાવવા માટે કાર્યરત છે. તેમના સંશોધન અને પહેલ દ્વારા સમાજમાં બાળ-અધિકારલક્ષી અભિગમને પ્રોત્સાહન મળ્યું છે. શિક્ષણમાં સમાવેશ, હિમાયત અને જાગૃતિ દ્વારા તેમણે બાળકો માટે મૈત્રીપૂર્ણ વાતાવરણ બનાવવામાં મહત્વનું યોગદાન આપ્યું છે. યુનિવર્સિટી તંત્રએ જણાવ્યું કે ડો. દેસાઈની આ સિદ્ધિ માત્ર એમ.એસ. યુનિવર્સિટી માટે જ નહીં પરંતુ સમગ્ર રાજ્ય માટે ગૌરવની વાત છે. આ સન્માન વિકસિત ભારતના વિઝનને પણ દર્શાવે છે, જેમાં બાળકોને રાષ્ટ્રની અમૂલ્ય સંપત્તિ અને વિકસિત ભવિષ્યના પાયા તરીકે સ્વીકારવામાં આવ્યા છે.

# તાંદલજામાં પાર્કિંગ મુદ્દે બે પડોશી પરિવારો વચ્ચે ધિંગાણું

( પ્રતિનિધિ ) વડોદરા,તા.6
વડોદરાના તાંદલજા વિસ્તારમાં વાહન પાર્કિંગના મુદ્દે બે પડોશી પરિવારો વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ મારામારી થતાં ગોત્રી પોલીસ મથકે બંને પક્ષે સામસામી ફરિયાદ નોંધાવી છે. ઘટનામાં બંને પક્ષના લોકો ઈજાગ્રસ્ત થતાં તેમને ગોત્રી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. તાદલજા વિસ્તારમા વલીમોહમ્મદ કાલેખાન પઠાણની ફરિયાદ મુજબ, સામે રહેતા યાસીનભાઈ વ્હોરા અને તેમના પરિવારજનો સાથે પાર્કિંગ મુદ્દે ઝઘડો થયો હતો. દરમિયાન યાસીનભાઈએ લોખંડની પાઈપ વડે હુમલો કરતાં તેમને માથામાં ઈજા થઈ હતી. પત્ની બચાવવા વચ્ચે પડતાં તેમની સાથે પણ મારામારી કરી જાનથી મારી નાખવાની ધમકી અપાઈ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. બીજી તરફ, યાસીનભાઈ વ્હોરાની ફરિયાદ મુજબ તેમની દીકરી સાથે થયેલી બોલાચાલી બાદ સામે પક્ષે હુમલો કરી દીકરીની આંખે ઈજા પહોંચાડી હતી તેમજ તેમની સાથે પણ મારામારી કરવામાં આવી હતી.

આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને સબળ બનાવવાનો હેતુ

# હરિૐ સેવા ટ્રસ્ટ દ્વારા ૪૯૧ વિદ્યાર્થીઓને શિક્ષણ સહાય



વડોદરાઃ હરિૐ સેવા ટ્રસ્ટ દ્વારા ગરીબ અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શિક્ષણમાં પ્રોત્સાહન આપવા માટે 4થી 7 ઓગસ્ટ દરમિયાન સુભાનપુરા સ્થિત સિનિયર સિટીઝન ફોરમ-વડીલ પરિવારના સંકુલમાં શિક્ષણ સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો છે. આ ચાર દિવસ દરમિયાન ધોરણ 5થી અનુસ્નાતક સુધીના કુલ 491 વિદ્યાર્થીઓને ચેક મારફતે સહાય આપવામાં આવશે. ટ્રસ્ટના અંશુમનભાઈ શાહ, પ્રવિણાબેન શાહ અને અજયભાઈ દ્વારા વિદ્યાર્થીઓના અરજીપત્રકો, આવકના પુરાવા અને માર્કશીટ સહિતના દસ્તાવેજોની એકથી દોઢ મહિના સુધી ચકાસણી કર્યા બાદ લાભાર્થીઓની પસંદગી કરવામાં આવે છે. વર્ષ 2019થી ચાલતી આ પહેલ હેઠળ છેલ્લા બે વર્ષમાં આશરે 500 વિદ્યાર્થીઓને રૂ. 37થી 38 લાખની શિક્ષણ સહાય આપવામાં આવી છે. આ કામગીરીમાં હરિૐ સેવા ટ્રસ્ટ, માનવ સેવા કલ્યાણ ટ્રસ્ટ-ગોત્રી, સિનિયર સિટીઝન ફોરમ-વડીલ પરિવાર સુભાનપુરા તથા ટ્રસ્ટના સ્વયંસેવકોનો સહયોગ રહ્યો છે. માનવ સેવા કલ્યાણ ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થીઓને 10-10 લાંબી નોટબુકનું પણ વિતરણ કરવામાં આવ્યું. આયોજકોએ જણાવ્યું કે આ પહેલનો મુખ્ય હેતુ આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને શિક્ષણ ચાલુ રાખવામાં મદદરૂપ થવાનો છે.